**રે.દી.મુ.નં.૮૪/૨૦૨૩ ના કામે આંક–૫ ની કામ ચલાઉ મનાઈ હુકમ મેળવવાની અરજી લગત હુકમ ::–**

---

૧. વાદીના તથા પ્રતિવાદી ના વિ.વ.શ્રીને સાંભળ્યા. અરજીની હકીકત તથા કેસનું રેકર્ડ વંચાણે લીધું.

૨.૧ વાદીઓની આંક–૫ ની અરજીની ટૂંકી હકીકત એવી છે કે, ડીસ્ટ્રીકટ ગાંધીનગર સબ ડીસ્ટ્રીકટ દહેગામના મોજે ગામ દેવકરણના મુવાડા ની સીમમા ખાતા નં–૨૧૩ જેનો બ્લોક નં–૪૬૬ (જુનો નંબર ૩૭૯) ની કુલ હે.આરે.ચો.મી ૧–૨૯–૪૨ આકાર વાળી તથા બ્લોક સર્વે નં–૪૬૫ ની કુલ હે.આરે.ચો.મી ૧–૨૪–૬૬ આકાર વાળી ખેતીની જમીન આવેલી છે.દાવાવાળી જમીન ના મુળ માલીક કલાલ જોઈતાભાઈ ખુશાલભાઈ હતા અને તેઓનો નામ રેવન્યુ રેકર્ડે ફેરફાર નોધ નં–૧૦૮ થી દાખલ થયેલ હતુ અને ત્યારબાદ ગુલાબચંદ ભેમજીભાઈ ગુજરી જતા તેમના પત્ની કંકુબેન ગુલાબચંદ ભેમજીભાઈ ની વિધવાનો નામ રેવન્યુ રેકર્ડે દાખલ થયેલ હતુ, તેઓના કોઈ સીધી લીટીના પુત્ર કે પુત્રી ન હતા આમ માત્ર કંકુબેન ગુલાબચંદ એકલા હતા.

૨.૨ વધુમા વાદી જણાવે છે કે, વડીલ મૈચત સોમાજી નાથાજી સદર મીલકતના ગણોતીયા હતા અને તેઓનુ સદર રેવન્યુ રેકર્ડે રેકર્ડે નોંધ નં–૩૯૧ થી દાખલ થયેલ હતુ.આમ અમોના વડીલ મૈચત સોમાજી નાથાજી સને ૧૯૫૧–૫૨ થી વાદગ્રસ્ત દાવાવાળી મીલકત નો કબજો ભોગવટો ધરાવી પોતાના પરીવારનો ગુજરાન ચલાવતા આવેલ છે.અમારા વડીલે સદરહુ મીકલત ઉપર સને ૧૯૫૯ ની સાલમા દેવકરણના મુવાડા ગામની સોસાયટીમાથી

તારણ લીધેલુ હતું આમ વાદગ્રસ્ત મીલકતનો કબજો ભોગવટો અમારા વડીલનો સને ૧૯૫૧–૫૨ થી સતત ચાલતો આવેલો છે, આમ ગણોતધારાની જોગવાઈઓ મુજબ તા ૧/૦૬/૧૯૫૬ ના રોજ ગણોત દીન જાહેર થતા અમારા વડીલ સીધે સીધા સહરહુ મીલકતના ગણોતીયા સાબીત થતા હોવા છતા સદરહુ મીલકત બાબતે મામલતદાર શ્રી દહેગામે ગણોતધારા દાવા નં–૭૮/૧૯૬૨ એક માત્ર અરજીના અનુસંધાને ઉપસ્થિત કરી ખોટો અને ગેરકાયદેસરનો હુકમ મામલતદાર અને કુષિપંચનાએ તા ૨૧/૦૯/૧૯૬૨ ના રોજ કરેલ મજકુર હુકથી રેવન્યુ ફેકફાર નોંઘ નંબર–૧૧૦૯ પાડવામા આવેલ છે.આમ માકમલતદાર કુષિપંચશ્રી દહેગામએ અમારા વડીલ મૈચત સોમાજી નાથાજી ને ગણોતિયા ઠરાવી ગણોત ધારાની કલમ–૩૨(ગ) મુજબનો હુકમ કરવાને બદલે ગણોત ધારાની કલમ–૩૧ અન ૨૯ (૨) મુજબની કોઈ પણ જાતની સત્તા ન હોવા છતા પણ ગેરકાયદેસર ગણોત દાવા નં–૭૮/૧૯૬૨ થી હુકમ કરી દીઘેલ છે અને તેના ફળ સ્વરૂપે મામલતદાર શ્રી કુષિપંચ દહેગામ ના એ ખોટો અને ગેર કાયદેસરનો હુકમ કરી અમારા વડીલ ના ગણોત હકકને નુકશાન પહોચાડી અમારી મીલકત પચાવી પાડવાના પેરવી કરેલ છે.આમ મામલતદાર શ્રી કુષિપંચ દહેગામના હુકમની જાણ અમોને થતા અમોએ સદરહુ હુકમ તેમજ અનુસંગીક કાગઈની પ્રમાણિક નકલ મેળવવા તા ૨૩/૦૩/૨૦૨૩ ના રોજ અરજી આપતા જે અમોને મળતા,આમ મામલતદાર શ્રી કુષિપંચના હુકમ મુજબ ડેટ ઓફ નોલેજ આઘારીત અપીલ દાખલ કરેલ છે, આમ છેલ્લા ૭૩ વર્ષે થી વાદગ્રસ્ત મીલકતનો શાંત, પ્રત્યક્ષ કબજો,ભોગવટો અમો વાદીઓનો આવેલો છે અને તેમા ખેતી વાવેતર કરી

અમારા પરિવારનો ગુજરાન ચલાવીયે છીએ.દાવાવાળી જમીન મા અમો વાદી અમારા વડીલ વખત થી ખેતી, વાવેતર કરતા આવેલ હોઈ અને દાવાવાળી જમીનનો કબજો ભોગવટો અમો વાદીઓનો આવેલાની હકીકત આ કામના પ્રતિવાદીઓને પણ હતી, આમ હોવા છતા આ કામના પ્રતિવાદી ઓને અમો વાદીઓને અંધારામા રાખી છળકપટ રીતે વારસાઈ પરચુરણ અરજી નં-૦૭/૨૦૨૨ તા ૨૩/૦૨/૨૦૨૨ ના રોજ દાખલ કરી ગેર કાયદેસર રીતે તા ૨૩/૧/૨૦૨૩ ના રોજ હુકમ મેળવી લીધેલ છે તેથી સદર વારસાઈ અરજી રદ કરવા સદર દાવો આપ નામદાર કોર્ટે મા સદર દાવો અને મનાઈ અરજી દાખલ કરેલ

૩. પ્રતિવાદીઓને ધોરણસર સમન્સ/નોટીસ બજતાં પ્રતિવાદીઓ પૈકી નં.૧ થી ૧૩ નાઓને સમન્સ બજી જતા પ્રતિવાદી તેઓના વકીલ શ્રી મારફત નામદાર કોર્ટે મા હાજર થયેલ અને આંક-૨૨ થી દાવા અરજી અને મનાઈ અરજીનો જવાબ રજુ કરેલ છે તેમા તેઓએ જણાવેલ છે કે,વાદીના દાવા તથા મનાઈ અરજીમા જણાવેલ હકીકતમાથી કબુલ કર્યો સિવાય ની બાકીની તમામ હકીકતો અમો પ્રતિવાદી ઓ સ્પષ્ટ ઈન્કાર કરીએ છીએ.વાદી ના દાવાના પેરા નં-૧ અને ૨ પ્રતિવાદીઓને કબુલ અને મંજુર છે,પેરા નં-૩ પ્રતિવાદીઓને કબુલ નથી, મામલતદાર શ્રી દહેગામમા ગણોતીયા કેસ નં-૭૮/૧૯૬૨ વિરૂધ્ધ હાલના વાદીઓ વડીલ કે વાદીઓ કે આજદીન સુધી કોઈ ગણોત ધારા દાવા નં-૭૮/૧૯૬૨ હુકમ વિરૂધ્ધ કે હુકમ ની નોધ નં-૧૧૦૯ વિરૂધ્ધ આજ દીન સુધી કોઈ પણ પ્રકારની રીવીજન કે રીવ્યુ કરેલ નથી તે બાબત ઉપર સ્પષ્ટ થાય છે કે વાદી કે તેમના વડીલ દાવાવાળી જમીન ઉપર કબજો ભોગવટો આવેલ નથી.પેરા નં-૪ માટે પ્રતિવાદી જણાવે છે કે,

નોંધ નં ૧૧૦૯ ની તા ૨૬/૧૧/૧૯૬૨ ના રોજની જોવામા આવે તો દાવાવાળી જમીન મા તે નોધો પડેલ છે અને જે નોધો મા દાવાવાળી જમીનનો કબજો ઠાકારે સોમાજી નાથાજી પાસેથી લઈ જમીન માલીક એકલે કે, ગુલાબચંદ ભેમજીભાઈને સોપવાનો હુકમ થયેલ છે અને તે મુજબ મે. મામલતદાર દહેગામના હુકમ નં–ટેનેન્સી કેસ નં–૭૮/૧૯૬૨ તા ૨૮/૦૯/૧૯૬૨ થી હુકમ થયેલ તે મુજબ પક્ષકારોએ રૂબરૂ થઈ પંચ રૂબરૂ કબાની આપ લે કરવાની નોધ કરી તેવી હકીકત દર્શાવવામા આવેલ છે અને તે મુજબ સદર નોંધો જમીન મહેસુલ કાયદાની જોગવાઈ મુજબ ની નોધ મંજુર કરવામા આવેલ છે આમ જો વાદી એમ કહેતા હોય કે ટેનેન્સી કેસ નં–૭૮/૬૨ ના હુકમ અંગેની તેવોને તેમના વડીલને કોઈ જાણ નથી તે હકીકત વાદી ખોટી જણાવે છે, પેરા નં–૫ વીશે પ્રતિવાદી જણાવે છે કે ગણોત કેસ નં–૭૮/૧૯૬૨ ના હુકમ વિરૂધ્ધ અપીલ કરેલાની મોદન હકીકત વાદીએ જણાવેલ છે પરંતુ વાદીની દાવા અરજી ના પેરા –૫ ની હકીકત ઉપરથી વાદીનો દાવો સમય મર્યાદા બહારનો છે તેવુ સ્પષ્ટ જણાઈ આવે છે જેથી વાદીનો દાવો સમય મર્યાદાના મુદે પ્રથમ રદ થવા પાત્ર છે.વાદીએ દાવાવાળી મીલકત નો જે વર્ણન જણાવેલ છે જે વાવેતર અમો પ્રતિવાદીઓએ કરેલ છેઅને પાણીની કુડી ઓ પણ આવેલી છે તેમજ હેવી પાવર લાઈન પસાર થાય છે આમ વાદી એનકેન પ્રકારે કાંડાના જોરે વાદીઓ જુથવાળા માણસો હોઈ માત્ર ને માત્ર પંચનામા ના આધારે કબજો પડાવી અમો પ્રતિવાદી ઓ પાસેથી જમીન પડાવી લેવા માગે છે.વધુમા પ્રતિવાદીઓએ વાદીને અંધારામા રાખી પરચુરણ અરજ નં–૭/૨૦૨૨ ની દાખલ કરેલ હોઈ તેવુ બનેલ નથી પરંતુ વારસા પરચુરણ

અરજી નં–૭/૨૦૨૨ ના કામે અરજી દાખલ થતા નામદાર કોર્ટે થકી જાહેર નોટીસ નો હુકમ તા ૨૩/૨/૨૨ ના રોજ કરવામા આવેલ અને જે નોટીસ અમો પ્રતિવાદીઓએ સમાચાર પત્રમા નામદાર કોર્ટે ના હુકમ મુજબ સંદેશ સમાચાર પત્રમા તા ૧૦/૩/૨૨ ના રોજ જાહેર સમન્સ પ્રસ્ધ્ધિ કરવામા આવેલી અને કોઈ પણ વ્યકિતઓ વાંધો હોય તે તા ૨૩/૨/૨૨ ના રોજ નામદાર કોર્ટે મા હાજર થઈ રજુ કરવો નોટીસ આપવામા આવેલ હોવા છતા આ કામના વાદીઓ સદર જાહેર નોટીસ કે સમન્સ સામે કોઈ વાંધા કે તકરાર આપેલ નથી .વધુમા દાવાવાળી જમીન મા વાદીનો કોઈ કબજો ભોગવટો આવેલ નથી તેમજ અમોએ છળકપટની વારસાઈ સર્ટી મેળવેલ હોય તેવુ બનેલ નથી

૩.૧ વધુમા દાવાવાળી જમીન ના મુળ માલીક કલાલ ગુલાબચંદ ભેમજીભાઈ ના નામે દાખલ થયેથી અને તેઓ ગુજરી જતા તેમની પત્ની કંકુબેન ગુલાબચંદ વિધવા નો નામ દાખલ થયેલુ. મૈયત ભેમજીભાઈ ખુશાલભાઈનાઓનુ પેઢીનામુ અમો પ્રતિવાદીઓ સદર જવાબ કામે લીસ્ટ થી રજુ કરેલ છે.તે મુજબ ગુલાબચંદ ભેમજીભાઈ ના પત્ની કંકુબેન થાય છે અને તેમના વારસમા અન્ય કોઈ સીધી લીટીના વારસદાર ન હોવાથી અમો પ્રતિવાદીઓ તેમની આડીલીટીમા આવતા હોવાથી દાવાવાળી જમીન કંકુબેન ગુલાબચંદ અમારા કુટુબી કાકી થતા હોઈ અમો પ્રતિવાદીઓના વડીલોની સાથે રહેતા હતા અને દાવાવાળી જમીનનો પ્રત્યક્ષ કબજોભોગવટો ધરાવી ખેતી કરી પાક ઉપજ ઉપ્તન્ન લેતા આવેલા અને સદર કામે ગણોત ધારા દાવા નં–૭૮/૬૨ થી કેસ ચાલતા વાદીના વડીલનો દાવાવાળી જમીન ઉપર થી કબજો લઈ અમો પ્રતિવાદીઓનો વડીલ ગુલાબચંદ

ભેમજીભાઈઓ સોપવાનો અને અપીલ સાચ બાદ તે અંગેની કાર્યવાહી કરી નોધં નં–૧૧૦૯ થી ૨૬/૧૧/૬૨ ના રોજ પાડવામા આવેલી અને તા ૩૧/૩/૬૩ ના રોજ અમો પ્રતિવાદીઓને વાદીના વડીલ પાસે કબજો સુપ્રત કરવામા આવેલો દાવાવાળી જમીન વાદીના વડીલ ગણોતીયા સાબીત થયા હોત તેવુ બનેલ નથી કે ગણોત કેસ નં–૭૮/૬૨ વિરૂધ્ધ કોઈ અપીલ રીવીઝન કે રીવ્યુ કરેલ નથી વધુમા વાદી સદર કામે લીસ્ટથી નોંધ નં–૧૧૧૮ ની રજુ કરેલ છે ૧૦/૨/૬૩ ના રોજ પાડવામા આવેલ છે અને તે જે વખતે તેઓએ માલીક ન હોવા છતા તારણ મેળવી લીધેલુ જેથી સોસાયટીના તારણ માથી છુટા કરવાની નોંધ પાડવામા આવેલ છે, આથી વાદીનો દાવો તથા મનાઈ અરજી રદ કરવા અરજ કરેલ છે.

૪. વાદી તથા પ્રતિવાદી ના વકીલ શ્રી દવારા મનાઈ હુકની અરજીની મૌખિક દલીલો કરવામા આવેલ છે.

૫. વાદીની સદરહું આંક–પ ની અરજીના ન્યાય નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**–:: મુ દ્દા ::–**

૧. શું વાદીનો પ્રથમદર્શનીય કેસ છે ?

૨. શું સગવડતાની સમતુલા વાદીની તરફેણમાં છે ?

૩. શું વાદીને માંગ્યા મુજબનો મનાઈ હુકમ આપવામાં ન આવે તો વાદીઓને નાણાથી ભરપાઈ ન થઈ શકે તેવું નુકશાન થવાની સંભાવના છે ?

૪. શું હુકમ

ઉપરોકત મુદ્દાઓના મારા નીર્ણયો નીચે મુજબ છે.

૧. નકરામા

૨. નકારમા

૩. નકારમા

૪. આખરી હુકમ મુજબ.

ઉપરોકત મુદ્દાઓના જવાબ માટેના આ કોર્ટના કારણો નીચે મુજબ છે.

***મુદ્દા નંબર ૧ થી ૩ ની ચર્ચા :–***

૬. પુરાવાનું પુનરાવર્તન ટાળવાના હેતુસર ત્રણેય મુદ્દાઓની ચર્ચા એકીસાથે કરવામાં આવે છે.

વાદીએ તેમના દાવા અને મનાઈ અરજીના સમર્થેન મા નિ–૩/૧ થી દાવાવાળી જમીન નો રેવન્યુ રેકર્ડ રજુ કરવામા આવેલ છે તેમા કબજેદાર ના કોલમમા સોમજી નાથાજી ઠાકોર નો નામ જણાઈ આવે છે,નિ–૩/૨ થી ગ.ધા.દાવા નં–૭૮/૧૯૬૨ થી મામલતદાર કોર્ટે નો હુકમ રજુ થયેલ છે.નિ–૩/૩ થી નોંધ નં–૧૧૦૯ રજુ થયેલ છે.નિ–૩/૪ થી નોધ નં–૩૯૧ નો ગામ નમુનો નંબર–૬(હકકપત્રક) રજુ કરેલ છે, નિ–૩/૫ થી નોધ નં–૭૦૬ નો ગામ નમુનો નંબર–૬(હકકપત્રક) રજુ કરેલ છે,નિ–૩/૬ થી નોધ નં–૧૧૧૮ નો ગામ નમુનો નંબર–૬(હકકપત્રક) રજુ કરેલ છે.નિ–૩/૭ થી મામલતદાર શ્રી એ કરેલ હુકમ રજુ થયેલ છે.નિ–૩/૮ થી નામદાર કોર્ટે દવારા કરેલ વારસા સર્ટી નો હુકમ રજુ કરેલ છે.નિ–૩/૯ થી જાહેર નોટીસ રજુ થયેલ છે.નિ–૩/૧૦ નોધ નં–૬૮૧૬ નો ગામ નમુનો નંબર–૬(હકકપત્રક) રજુ કરેલ છે,નિ–૩/૧૧ થી નોધ નં–૬૮૧૬ સામે વાંધા રજુ કરેલ છે. નિ–૩/૧૨ થી પ્રાત અધિકારી મા કરેલ અરજી,

નિ–૩/૧૩ થી પ્રાત અધિકારી મા કરેલ અરજીનો અરજદાર નો જવાબ, નિ–૩/૧૪ થી પ્રાત અધિકારી મા કરેલ અરજીનો સામાવાળા નો જવાબ, નિ–૨૫/૨ થી પંચનામુ, નિ–૨૫/૩ થી નકશો,રજે થયેલ છે.

વાદી ના દાવાની દાવા અરજી મુજબ દાવાવાવળી મીલકત ના મુળ માલીક કલાલ જોઈતાભાઈ ખુશાલભાઈ હતા તેમનુ નામ ફેરફાર નોધ ।નં–૧૦૮ થી દાખલ થયો તે ગુજરી જતા ગુલાબચંદ ભેમજીભાઈ નુ નામ રેવન્યુ રેકર્ડ મા દાખલ થયેલ અને તેઓ ગુજરી જતા કંકુબેન ગુલાબચંદ નો નામ રેવન્યુ રેકર્ડ મા દાખલ થયેલ અને કંકુબેન ના સીધી લીટીના કોઈ પુત્ર કે પુત્રી હતા નહી.વાદીઓના વડીલ સોમાજી નાથાજી દાવાવાળી મીલકત ના ગણોતીયા હતા અને નોંધ નં–૩૯૧ થી તેઓનુ નામ રેવન્યુ રેકર્ડ મા દાખલ થયેલ છે.નિ–૩/૧ થી વાદી દવારા રેવન્યુ રેકર્ડ રજુ થયેલ છે સદર રેવન્યુ રેકર્ડ ૧૯૫૧–૫૨ અને ૧૯૬૧–૬૨ નો રજુ થયેલ છે તેમા ખેડુતના કોલમમા સોમાજી નાથાજીનો નામ જણાઈ આવે છે.પરંતુ સદર સામાજી નાથાજી એ હાલના વાદીઓના વડીલ છે કે કેમ તે અંગે વાદીઓ દવારા કોઈ પેઢીનામુ કે તે અંગેના કોઈ દસ્તાવેજી પુરાવા નામદાર કોર્ટ મા રજુ રાખેલ નથી. આમ હાલના વાદીઓ જ સોમાજી નાથાજીના વારસદારો છે તે કે કેમ તે પુરાવો લીધા સિવાય પુરવાર કરી શકાય તેમ નથી.વાદી દવારા નિ–૩/૨ થી ગ.ધા નં–૭૮/૧૯૬૨ નો મામલતદાર શ્રી નો તા ૨૬/૧૧/૧૯૬૨ નો હુકમ રજુ કરેલ છે.સદર હુકમ પ્રમાણે દાવાવાળી જમીન ના રેવન્યુ રેકર્ડ મા નોંધ નં–૧૧૦૯ પડેલ છે જે નોંધ વંચાણે લેતા તેમા જણાવેલ છે કે,સદર નંબરોનો કબજો ઠાકોર સોમાજી નાથાજી પાસેથી લઈ જમીન માલીક ગુલાબચંદ ભેમજીભાઈ ને સોપવા મહે.મામલતદાર સાહેદ શ્રી હુકમ નં ટે.કેસ.નં–૭૮/૧૯૬૨ તા

૨૮/૦૯/૧૯૬૨ થી હુકમ થયેલ છે તે હુકમ મુજબ પક્ષકારોને રૂબરૂ રજુ થઈ પંચ રૂબરૂ કબજાની આપ લે કરવાથી નોંધ પડેલ છે.આમ મામલતદાર ના હુકમ મુજબ સદર દાવાવાળી જમીન તેના મુળ માલીક ગુલાબચંદ ભેમજીભાઈને સને- ૧૯૬૨ ના રોજ સોપવામા આવેલ છે.સદર હુકમ સામે વાદીઓ દવારા નિ-૩૦/૨ થી ગણોત અપીલ નં-૬૪/૨૦૨૩ થી તા ૨૭/૦૩/૨૦૨૩ ના રોજ અપીલ કરવામા આવેલ છે અને જે હાલ વિલબ માફ કરવાની અરજીના ઉપર મોકુફ પડેલ છે.આમ દાવાવાળી જમીન તેના મુળ માલીક ગુલાબચંદ ભેમજીભાઈને સને- ૧૯૬૨ ના રોજ સોપવામા આવેલ છે. પ્રતિવાદી દવારા નિ-૨૩/૧ થી તલાકટી કમ મંત્રી રૂબરૂ નો ભેમજીભાઈ ખુશાલભાઈ નો પેઢીનામુ રજુ થયેલ છે.તેમા ભેમજીભાઈ ખુશાલભાઈ ના પત્ની અને નાથાભાઈ તથા ગુલાબચંદ એમ બે પુત્ર હતા.ગુલાબચંદ ભેમજીભાઈ ની પત્ની કંકુબેન ગેલાબચંદ હતા જેમનો મરણ તા ૨૭/૭/૨૦૦૧ મા નિર્વેશ થયેલ છે.જયારે નાથાભાઈ આશરે ૫૨ વર્ષે પહેલા મરણ પામેલ છે, તેમના વારસાઈમા પત્ની અને કશેવલાલ તથા મણીલાલ એમ બે પુત્ર હતા અને પત્ની ૪૩ વર્ષે પહેલા મરણ પામેલ છે જયારે કેશવલાલ ૪૫ વષે મરણ પામેલ છે અને તેની વારસાઈ મા તેમની પત્ની ચંચળબેન,પુત્ર ગોવીંદભાઈ હતા જયારે મણીલાલ ૪૦ વર્ષે ની ઉમર મરણ પામેલ છે અને તેની વારસાઈ મા તેમની પત્ની મણીબેન,પુત્ર અંબાલાલ અને પુત્ર રમણભાઈ હતા, તેવીજ રીતે ચંચળબેન તા ૧૭/૧૨/૧૯૯૫ ના રોજ મરણ પામેલ છે અને ગોવીદલાલ તા ૧૪/૪/૨૦૦૦ ના રોજ મરણ પામેલ છે અને તેમની વારસાઈ મા લીલાબેન,ધીરજ,નીરજંજકુમાર,ભાવનાબેન એટલે કે હાલના પ્રતિવાદીઓ છે જયારે મણીબેન ૪૫ વર્ષે અગાઉ મરણ પામેલ છે, અંબાલાલ તા

૧૪/૫/૨૦૦૦ ના રોજ મરણ પામેલ છે અને તેની વારસાઈ મા જયાબેન, મનોજભાઈ,ભાવીક,નયનાબેન,પારૂલ એટલે કે હાલના પ્રતિવાદીઓ છે, જયારે રમણભાઈ તા ૨૪/૧૧/૧૯૯૬ ના રોજ મરણ પામેલ છે તેમની વારસાઈ મા મંજુલાબેન, હર્ષદ, હરેશ, મીનાબેન નો નામ જણાઈ આવે છે,એટલે કે હાલના પ્રતિવાદીઓનો નામ જણાઈ આવે છે.પ્રતિવાદી દવારા નિ–૨૩/૨ અને ૨૩/૩, ૨૩/૪, ૨૩/૫, ૨૩/૬ થી દાવાવાળી મીલકત નો ગામ નમુનો નંબર–૭ અને ૧૨ નો ઉતારો રજુ કરેલ જેમા આ કામના પ્રતિવાદીઓનો નામ જણાઈ આવે છે.નિ–૨૩/૭ થી ગામ નમુના નંબર–૬(હકકપત્રક) રજુ કરેલ છે તેમા જણાવેલ છે ક, દહેગામ તાલુકાના મોજે દેવકરણ ના મુવાડા ગામના ખેડુત ખાતેદાર કંકુબેન ગુલાબચંદ ભેમજીભાઈ ની વિઘવા ના ખાતા નંબર–૨૧૩ થી માર્જીન મા જણાવેલ જમીન તેઓના ખાતે ચાલે છે, જે પૈકી કંકુબેન ગુલાબચંદ ની વિઘવા નુ અવસાન તા ૨૭/૭/૨૦૦૧ ના રોજ થતા તેમના સીધી લીટીના વારસદાર મા પ્રતિવાદીઓના નામ જણાવેલ છે અને તે નોંધ નં–૬૮૧૬ દર્શાવેલ છે.ત્યારબાદ પ્રતિવાદીઓએ નિ–૨૩/૯ થી તકરારી કેસ નં–૨૯૬/૨૦૨૩ નો પ્રાંત અધિકારી ગાંધીનગર નો હુકમ રજુ કરેલ છે જેમા આ કામના વાદીઓ દવારા નોંધ નં–૬૮૧૬ ને પ્રમાણીત કરવા સામે વાંધો રજુ કરેલ છે જેમા પ્રાંત અધિકારી શ્રી દવારા નીચે મુજબનો હુકમ કરેલ છે.

“ અરજદાર શ્રી ની વાંધા અરજી અગ્રાહય રાખવામા આવે છે. મોજે દેવકરણ ના મુવાડા, તા–દહેગામ,જી–ગાંધીનગર ના બ્લોક/સર્વે નં–૪૬૫, ૪૬૬ વાળી જમીનમા પડેલ વારસાઈ અંગેની ફેરફાર નોંધ નં–૬૮૧૬ પ્રમાણિત કરવામા આથી હુકમ કરવામા આવે છે.આમ દાવાવાળી

જમીન મા આ કામના પ્રતિવાદીઓનો નામ વારસાઈ થી ચાલી આવેલ છે તે રજુ થયેલ રેવન્યુ રેકર્ડ થી ફલીત થાય છે.વધુમા વાદીઓ દવારા સદર હુકમ થી નારાજ થઈ આર.ટી.એસ. અપીલ કરેલ છે જેનો નંબર–૩૩૨/૨૦૨૩ છે જે વાદી દવારા નિ–૩૦/૧ થી રજુ કરેલ છે.જે હાલ કલેકટર શ્રી ના પેન્ડીંગ છે.

૬.૧ વાદી તેમની દાવા અરજીમા જણાવેલ છે કે, સદર દાવાવાળી જમીન સોમાજી નાથાજી ઠાકોર નાઓએ સોસાયટીમા તારણમા મુકલ છે,તે ધ્યાને લેતા પ્રતિવાદી દવારા નિ–૨૩/૧૧ થી ગામનો નમુના નં–૬ હકકપત્ર રજુ કરેલ છે તેમા નોંધ નં–૧૧૧૮ છે જેને વંચાણે લેતા તેમા જણાવેલ છે કે,તા ૧૦/૦૨/૧૯૬૩ સોસાયટીના તારણમાથી છુટો કરવાથી મારજીનમા જણાવેલ સ.નં માથી ઠાકોર સોમાજી નાથાજી એ સોસાયટી ના તારણમા આપેલા પરંતુ તેઓએ સોસાયટી નુ લેણુ ભરપાઈ કરી દીધેલ હોવાથી દેવકરણના મુવાડા સહકારી મંડળીના ચેરમેન પુરા કરવા માટે આપવાથી તારણમાથી છુટા કરવામા આવે છે.વધુમા પ્રતિવાદી દવારા નિ–૨૩/૧૨ થી ૨૩/૧૨/૩૩ સુધી વેરા ભર્યાની પાવતી રજુ કરેલ છે, સદર વેરા ભર્યાની પાવતીઓ સને ૧૯૮૧ થી ૨૦૧૩ સુધીની છે તેમા ખાતેદારના કોલમમા ગુલાબચંદ ભેમજીભાઈ તથા કંકુબેન ગુલાબચંદનો નામ જણાઈ આવે છે એટલે કે હાલના પ્રતિવાદીઓના વડીલોનો નામ જણાઈ આવે છે,આમ હાલના પ્રતિવાદીઓ દાવાવાળી જમીન ના વેરો ભરતા આવેલ છે તે રજુ થયેલ પુરાવાથી ફલીત થાય છે.

૬.૨ વધુમા વાદી દવારા દવાવાળી જમીન મા તેઓનો કબજો બતાવવા નિ–૨૫/૨ થી ૨૫/૩/૧, ૨૫/૩/૨ થી કોર્ટ કમીશનર નો પંચનામં અને નકશો રજુ કરેલ

છે, જેમા પંચનામુ વંચાણે લેતા તેમા "**<u>જાહેર ચેતવણી</u>**" દર્શાવેલ છે તેમા જણાવેલ છે.

**" આથી જાહેર જનતા ને જણાવવાનુ છે કે, ડીસ્ટ્રીકટ–ગાંધીનગર, સબ ડીસ્ટ્રીકટ–દહેગામ ના મોજે દેવકરણ ના મુવાડા ની સીમમા ખાતા નં–૨૧૩ જેનો બ્લોક સર્વે નં–૪૬૫ (જુનો નંબર–૩૮૦) કુલ હે.ચો.મી. ૧–૨૪–૬૬ વાળી ખેતીની જમીન શાંત,પ્રત્યક્ષ,કબજા ભોગવટા થી ૭૩ વર્ષેથી અમારા વડીલ ઠાકોર સોમાજી નાથાજી ઠાકોર ના વખત થી અમારા કબજા ભોગવટામા આવેલ હોય જેથી અમારી સહી સમંતી વગર કોઈએ પ્રવેશ કરવો કરાવવો નહી"**

"<u>જાહેર ચેતવણી</u>"

**" આથી જાહેર જનતા ને જણાવવાનુ છે કે, ડીસ્ટ્રીકટ–ગાંધીનગર, સબ ડીસ્ટ્રીકટ–દહેગામ ના મોજે દેવકરણ ના મુવાડા ની સીમમા ખાતા નં–૧૧૩ જેનો બ્લોક સર્વે નં–૪૬૬ (જુનો નંબર–૩૭૯) કુલ હે.ચો.મી. ૧–૨૯–૪૨ વાળી ખેતીની જમીન શાંત,પ્રત્યક્ષ,કબજા ભોગવટા થી ૭૩ વર્ષેથી અમારા વડીલ ઠાકોર સોમાજી નાથાજી ઠાકોર ના વખત થી અમારા કબજા ભોગવટામા આવેલ હોય જેથી અમારી સહી સમંતી વગર કોઈએ પ્રવેશ કરવો કરાવવો નહી"**

જે કોર્ટ કમીશનર ના પંચનામા અને રીપોર્ટ સામે આ કામના પ્રતિવાદીઓએ આંક–૨૮ થી વાંધો રજુ કરેલ છે, તેમા તેઓએ જણાવેલ છે કે, તા ૨૨/૧૦/૨૦૨૩ ના રોજ કરવામા આવેલ પંચનામુ અંગેની નોટીસ અમો પ્રતિવાદીને બજતા અમો પ્રતિવાદીઓ નીત્ય કર્મ પ્રમાણે અમારી ઉપરોકત માલીકી અને પ્રત્યક્ષ કબજા ભોગવટાવાળી ખેતીની જમીન જે અમારા પ્રત્યક્ષ કબજા ભોગવટા મા આવેલ છે જે જમીન મા અમો ખેતીવાડી કરવા સારૂ તેમજ

દેખભાળ કરવા સારૂ અગાઉના દીવસે એટલે કે તા ૨૧/૧૦/૨૦૨૩ ના રોજ અમો પ્રતિવાદી નં-૩ ના ૧૧ દાવાવાળી જમીન ઉપર ગયેલા તે વખતે વાદીઓએ કાયદો હાથમા લઈ દાવાવાળી જગ્યામા પંચનામા ને આધારે કબજો બતાવવા સારૂ નવિન પુરાવા ઉભા કરવાના બદઆશયથી તૈયારી સાથે આવેલા અને તે વખતે વાદીઓએ અમો પ્રતિવાદી ઓને બીભસ્ત ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપેલ અને કબજો બતાવવા સારૂ નવીન પુરાવો ઉભો કરવા સારૂ તૈયાર લખેલા નોટીસ બોર્ડ તેમજ અન્ય સાધન સામગ્રી લઈને આવેલા અને અમો પ્રતિવાદી સાથે બબાલ તકરાર કરતા એટલે કે ઝઘડો કરતા અમો પ્રતિવાદીએ દહેગામ મે.પોલીસ સબ ઈન્સપેકટર સાહેબ સમક્ષ લેખીતમા ફરીયાદ આપેલી જેને નિ-૨૭/૧ થી રજુ કરવામા આવેલ છે.

આમ કમીશનર શ્રી ના પંચનામા ને ઘ્યાને લેતા અને તેમા જાહેર નોટીસ ને ઘ્યાને લેતા દાવાવાળી જમીન ૭૩ વર્ષે થી ઠાકોર સોમાજી નાથાજી ની આવેલ છે અને તેમનો શાંત, કબજો ભોગવટો આવેલ છે જે પંચનામા વિરૂઘ્ઘ પ્રતિવાદીઓએ વાંધા રજુ કરેલ છે આથી પંચનામુ એ તકરારી છે તેના માટે પુરાવો લેવો હિતાવ્હ જણાવે છે, તેમજ આ કામના વાદીઓ સોમાજી નાથાજીના ઠાકોર ના વારસ છે તે માટે પણ વાદીઓએ કોઈ પુરાવો કે પેઢીનામુ નામદાર કોર્ટ મા રજુ કરેલ નથી, અને તે પણ પુરાવાનો વિષય છે. તેમજ કોર્ટ કમીશનર પુરાવો ભેગુ કરવા હોતો નથી માત્ર અને માત્ર મીલકતની સ્થિત શુ છે તે કોર્ટ ની સામે દર્શાવવા માટે કમીશનર કરવામા આવે છે.વાદીઓ દવારા એવુ એક પણ પુરાવો રજુ થયેલ જણાઈ આવતુ નથી કે જેનાથી કહી શકાય કે હાલ દાવાવાળી જમીન પર વાદીઓનો કબજો છે. વધુમા સદર કામમા પ્રતિવાદી દવારા જે રેવન્યુ ના જે દસ્તાવેજી તથા વેરા ભર્યાની પહોચો રજુ કરેલ છે તેમા

કબજેદાર અને માલીક ના કોલમમા પ્રતિવાદીઓના વડીલોના નામ ચાલે છે.વધુમા **State Of A.P. & Ors vs M/S. Star Bone Mill & Fertiliser Co on 21 February, 2013 (2013)9 scc 319, 2013 AIR (SC) Civil 1108** ના પેરા નંબર–૧૩ મા નામદાર સુપ્રિમ કોર્ટે દવારા પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંત ધ્યાને લેતા તેમા જણાવેલ છે કે, The principle enshrined in Section 110 of the Evidence Act, is based on public policy with the object of preventing persons from committing breach of peace by taking law into their own hands, however good their title over the land in question may be. It is for this purpose, that the provisions of Section 6 of the Specific Relief Act, 1963, Section 145 of Code of Criminal Procedure, 1973, and Sections 154 and 158 of Indian Penal Code, 1860, were enacted. All the afore- said provisions have the same object. The said presumption is read under Section 114 of the Evidence Act, and applies only in a case where there is either no proof, or very little proof of ownership on either side. The maxim "possession follows title" is applicable in cases where proof of actual possession cannot reasonably be expected, for instance, in the case of waste lands, or where nothing is known about possession one-way or another. Presumption of title as a result of possession, can arise only where facts disclose that no title vests in any party. Possession of the plaintiff is not prima facie wrongful, and title of the plaintiff is not proved. It certainly does not mean that because a man has title over some land, he is necessarily in possession of it. It in fact means, that if at any time a man with title was in possession of the said property, the law allows the presumption that such possession was in

continuation of the title vested in him. A person must establish that he has continued possession of the suit property, while the other side claiming title, must make out a case of trespass/encroachment etc. Where the apparent title is with the plaintiffs, it is incumbent upon the defendant, that in order to displace this claim of apparent title and to establish beneficial title in himself, he must establish by way of satisfactory evidence, circumstances that favour his version. **Even, a revenue record is not a document of title. It merely raises a presumption in regard to possession. Presumption of possession and/or continuity thereof, both forward and backward, can also be raised under Section 110 of the Evidence Act.** આમ રેવન્યુ રેકડ થી ટાઈટલ નકકી કરી શકાતુ નથુ પરંતુ રેવન્યુ રેકર્ડના આધારે હાલ કોનો કબજો છે તે નકકી કરી શકાય છે.આમ હાથ પર ના કેસ મા પણ પ્રતિવાદી દવારા રજુ કરેલ દસ્તાવેજી પુરાવામા કબજેદાર અને માલીકી ના કોલમમા પ્રતિવાદી ના વડીલોના  નામ ચાલે છે તેવુ જણાઈ આવતો હોય,

વધુમા વાદીની દાવા અરજી તથા મનાઈ અરજીની દાદ જોવામા આવે તો એકજ જણાઈ આવે છે અને જો વાદીને મનાઈ અરજીની દાદ મંજુર પણ કરવામા આવે તો આખો દાવો નકકી થઈ જાય તેવુ જણાઈ આવે છે.આમ (૧) **Indore Development Authority vs. Mangal Amusement Pvt. Ltd., AIR 2011 SC 199** (૨) **Union of India vs. Modilutf Ltd., (2003) 6 SCC 654** ઉપરોકત બંને ચુકાદામા  નામદાર કોર્ટે દવારા પ્રસ્થાપિત સિધ્ધાંતોને ધ્યાને લેતા તેમા એવુ જણાવેલ છે કે, Interim relief or interim order which virtually grants final relief in the case, cannot be granted. આમ

ઉપરોકત કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લેતા વાદીનો કોઈ પ્રથમદર્શનીય કેસ જણાય આવતો નથી તેવુ મારૂ માનવુ છે. આમ,જો માંગ્યા મુજબનો કામ ચલાઉ મનાઈહુકમ આ કામના વાદીને આપવામાં ના આવે તો તેનાથી વાદીને કોઈ નુકશાન જાય તેવુ જણાતુ નથી. જયારે જો માંગ્યા મુજબનો કામચલાઉ મનાઈહુકમ આપવામાં આવે તો તેનાથી પ્રતિવાદી ને વધારે નુકશાન જાય તેવુ જણાય છે. બેલેન્સ ઓફ કન્વીયન્સ તથા ઈરીપેરેબલ લોસ પણ રેકર્ડ ઉપર નો પુરાવો જોતાં વાદીઓની તરફેણમાં હોય તેવુ જણાતુ નથી. તેથી હું મુદા નં.૧થી૩નો જવાબ નકારમાં આપી મુદા નં.૪ પરત્વે નીચે મુજબનો હુકમ ફરમાવુ છું.

**હુ ક મ**

''**૧**'' વાદીની આંક–પની અરજી આથી, નામંજુર કરવામાં આવે છે.

''**૨**'' ખર્ચ અંગે કશો હુકમ નથી.

હુકમ આજરોજ ખુલ્લી કોર્ટમાં વાંચી, સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

**તા.૧૫/૧૨/૨૦૨૩.**
**સ્થળ–દહેગામ.**

**( એ.એમ.સોની )**
**એડીશનલ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ**
**દહેગામ.**
**કોડ નં–જીજે.૦૧૬૩૬**